# વેનેઝુએલામાં 90 દિવસની કટોકટી, અમેરિકી સમર્થકોને પકડવાના આદેશ



**હથિયારધારી** લોકોનું જૂથ મોટરસાઈકલ પર ટ્રમ્પ સમર્થકોને શોધવા માર્ગો પર ફરી રહ્યું છે

કારકાસ, તા. 7: વેનેઝુએલામાં નિકોલસ માદુરોની ધરપકડ બાદ સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની છે. સરકારે 90 દિવસની કટોકટી જાહેર કરી છે, જેમાં અમેરિકી હુમલાને પ્રોત્સાહન કે સમર્થન આપનાર કોઈ પણ વ્યક્તિની તાત્કાલિક ધરપકડ કરવાનો આદેશ અપાયો છે. કારકાસના માર્ગોમાં 'કોલેક્ટિવોસ' તરીકે ઓળખાતી હથિયારધારી મોટરસાઈકલ ગેંગ સક્રિય થઈ છે. માસ્ક પહેરેલા આ સશસ્ત્ર સભ્યો ચેકપોઈન્ટ બનાવી લોકોના ફોન અને વાહનો તપાસી રહ્યા છે જેથી ટ્રમ્પ સમર્થકોને પકડી શકાય.

આ હિંસા અને અરાજકતા વચ્ચે અત્યાર સુધીમાં 14 પત્રકારોની અટકાયત કરવામાં આવી છે, જેમાંથી 11 વિદેશી છે. માદુરોના વફાદાર મંત્રી દીઓસ્દાદો કાબેલોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ હજુ પણ માદુરોને જ દેશના કાયદેસરના પ્રમુખ માને છે. કાબેલોના એક વીડિયોમાં તેઓ અમેરિકનો અને ટ્રમ્પના સમર્થકોને 'ડુક્કર' કહી રહ્યા છે જે દેશના સંસાધનોની ચોરી કરશે.

બીજી તરફ, વિપક્ષી નેતા અને નોબેલ પુરસ્કાર વિજેતા મારિયા કોરિના મચાડોએ આ ગેંગની પ્રવૃત્તિઓને અત્યંત ચિંતાજનક ગણાવી છે. હાલ સામાન્ય નાગરિકોમાં એટલો ડર છે કે તેઓ જેલ જવાની બીકે ઘરની બહાર નીકળતા પણ ડરી રહ્યા છે.



કોલંબિયાના પાસ્તોમાં યુનેસ્કો દ્વારા માન્યતા પ્રાપ્ત સાંસ્કૃતિક ઉત્સવ 'બ્લેક એન્ડ વ્હાઇટ કાર્નિવલ'માં ભાગ લઈ રહેલા ઉત્સાહી લોકો. આ ઉત્સવ વંશીય એકતા અને સાંસ્કૃતિક વિવિધતાનું પ્રતીક માનવામાં આવે છે.

# "મહેરબાની કરીને ફ્રાન્સની જનતાને ન કહેતા" - ટ્રમ્પે મેક્રોનની નકલ ઉતારી

**મેક્રોન** ટેરિફના ડરથી પ્રિસ્ક્રીપ્શન દવાઓની કિંમતો વધારવા સંમત થયા: ટ્રમ્પનો દાવો



વોશિંગ્ટન, તા. 7: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્રાન્સ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનની મજાક ઉડાવતા દાવો કર્યો છે કે તેમણે ટેરિફની ધમકી આપીને ફ્રાન્સને પ્રિસ્ક્રિપ્શન દવાઓના ભાવ વધારવા મજબૂર કર્યું છે. ટ્રમ્પે રિપબ્લિકન નેતાઓ સમક્ષ મેક્રોનની નકલ કરતા કહ્યું કે, જ્યારે અમેરિકાએ ફ્રેન્ચ વાઈન અને શેમ્પેઈન જેવી વસ્તુઓ પર 25 ટકા ટેરિફ લાદવાની ધમકી આપી, ત્યારે મેક્રોન તેમની સામે 'કરગરવા' લાગ્યા હતા.

ટ્રમ્પના જણાવ્યા મુજબ ફ્રાન્સમાં દવાની કિંમતો અમેરિકા કરતા 14 ગણી ઓછી હતી. ટ્રમ્પે મેક્રોનને ભાવ વધારવા કહ્યું, ત્યારે શરૂઆતમાં તેમણે ના પાડી હતી. પરંતુ ફ્રાન્સની તમામ વસ્તુઓ પર 25 ટકાના ટેરિફના ડરે મેક્રોને 200 ટકા સુધી ભાવ વધારો સ્વીકારી લીધો હતો. ટ્રમ્પે મેક્રોનની નકલ કરતા કહ્યું હતું, 'ડોનાલ્ડ તમને સોદો મળી ગયો છે. હું પ્રિસ્ક્રીપ્શન દવાઓની કિંમતો 200 ટકા સુધી વધારીશ. ડોનાલ્ડ મહેરબાની કરીને ફ્રાન્સની જનતાને આ વિશે ન કહેતા, હું તમને વિનંતી કરું છું', દરેક દેશે આવી જ વાત કહી હતી.

ટ્રમ્પે ઉમેર્યું કે દુનિયાના અન્ય દેશો પણ અમેરિકી ટેરિફના ડરથી તેમની શરતો માનવા તૈયાર થઈ ગયા છે. ફ્રાન્સ સરકાર તરફથી હજુ આ અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી.



જર્મનીના ગાર્મિશ-પાર્ટનકિર્ચન ખાતે પરંપરાગત બાવેરિયન હોર્ન સ્લેજ રેસ (લાકડાની બરફ પર ચલાવાતી ગાડીગાડી) 'Hornschlittenrennen' દરમિયાન લાકડાના સ્લેજ પર સવાર થઈને જોખમી વળાંકો કાપતા સ્પર્ધકો. આ કોઈ સામાન્ય રમત નથી, પરંતુ એક પ્રાચીન પરંપરા છે. જૂના જમાનામાં બાવેરિયાના પહાડી વિસ્તારોમાં ખેડૂતો શિયાળામાં પહાડો પરથી લાકડાં અથવા ઘાસ નીચે લાવવા માટે આ લાકડાના સ્લેજનો ઉપયોગ કરતા હતા. આ સ્પર્ધા દર વર્ષે 6 જાન્યુઆરીએ (યોજાય છે. જો બરફ ઓછો હોય, તો ક્યારેક રેસ રદ પણ કરવી પડે છે.

# બાંગ્લાદેશમાં ટોળાથી બચવા હિન્દુ યુવક નહેરમાં કૂદી પડ્યો

**હિન્દુ** યુવકનું ડૂબી જવાથી મોત થયું

**બાંગ્લાદેશ** હિન્દુ બૌદ્ધ ખ્રિસ્તી એકતા પરિષદે બાંગ્લાદેશ સરકારને લઘુમતીઓ પર થઈ રહેલાં અત્યાચાર સામે પગલાં લેવાની માગ કરી

ઢાકા, તા. 7 (પીટીઆઈ): ઉત્તર પશ્ચિમ બાંગ્લાદેશમાં ટોળાથી બચવા માટે 25 વર્ષીય હિન્દુ યુવક નહેરમાં કૂદી પડ્યો, જેના કારણે તેનું મોત થયું, ટોળું તેના પર ચોરી કરવાનો આરોપ લગાવી રહ્યું હતું.

આ ઘટના લઘુમતી સમુદાયને નિશાન બનાવતા બનાવોમાં તાજેતરની છે. બાંગ્લાદેશ હિન્દુ બૌદ્ધ ખ્રિસ્તી એકતા પરિષદ (બીએચબીસીયુસી)ના પ્રવક્તા કાજોલ દેબનાથે જણાવ્યું હતું કે મૃતકની ઓળખ મિથુન સરકાર તરીકે થઈ છે.

મંગળવારે નૌગાંવ જિલ્લામાં ચોરીનો આરોપ લગાવતા ટોળાએ સરકારનો પીછો કર્યો હતો. બચવા માટે, તે નહેરમાં કૂદી ગયો પરંતુ દુર્ભાગ્યપૂર્ણ રીતે ડૂબી ગયો હતો, એમ દેબનાથે જણાવ્યું હતું.

મંગળવારે જારી કરાયેલા એક નિવેદનમાં, કાઉન્સિલે લઘુમતીઓ પર 'ચિંતાજનક રીતે વધી રહેલા અને સતત' અત્યાચાર સામે પગલાં લેવાની માગ કરી હતી.

જેમ જેમ સામાન્ય ચૂંટણીઓની તારીખ નજીક આવી રહી છે, તેમ તેમ સાંપ્રદાયિક હિંસા ચિંતાજનક દરે વધી રહી છે, તેમણે ઉમેર્યું હતું કે સંસ્થા માને છે કે આ ઘટનાઓનો હેતુ લઘુમતી મતદારોને તેમની પસંદગીના ઉમેદવારોને મતદાન કરતા અટકાવવાનો છે.

'બાંગ્લાદેશ હિન્દુ બૌદ્ધ ખ્રિસ્તી ઓઈક્યા પરિષદની સેન્ટ્રલ કમિટીએ સાંપ્રદાયિક હિંસાની ગંભીરતા પર ભારે રોષ, ચિંતા અને કડક નિંદા કરી છે', એમ તેમાં કહેવામાં આવ્યું છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે દેશભરના લઘુમતી સમુદાયો અનિશ્ચિત ભવિષ્ય અંગે ભય અને ચિંતામાં છે અને આગામી સંસદીય ચૂંટણીઓમાં મુક્તપણે અને અવરોધ વિના મતદાન કરી શકશે કે કેમ તે અંગે તેઓ ચિંતિત બન્યા છે.

## વેનેઝુએલામાં ડેલ્સી રોડ્રિગ્ઝનું શાસન

# જયરામ રમેશે ભારત સાથેના જૂના સંબંધો યાદ કર્યા

**નવા** વચગાળાના રાષ્ટ્રપતિ સત્ય સાંઈ બાબાના અનુયાયી હોવાનો ઉલ્લેખ; રમેશનો જગદીપ ધનખર પર પરોક્ષ કટાક્ષ

**ડેલ્સી** રોડ્રિગ્ઝ ઓગસ્ટ ૨૦૨૩માં તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરને મળ્યા હતા

નવી દિલ્હી, તા. ૭ (પીટીઆઈ) ડેલ્સી રોડ્રિગ્ઝે વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદ કોંગ્રેસના નેતા જયરામ રમેશે બુધવારે જણાવ્યું હતું કે, ઓગસ્ટ ૨૦૨૩માં તેઓ તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરને મળ્યા હતા. ''જેમના વિશે દુર્ભાગ્યે આજકાલ કંઈ સાંભળવા મળતું નથી.''

નિકોલસ માદુરોના ઉપરાષ્ટ્રપતિ તરીકે સેવા આપનારા અને ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે કામ કરવાની પ્રતિજ્ઞા લેનારા રોડ્રિગ્ઝે દેશના સંસદ ભવનમાં વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા.

રોડ્રિગ્ઝને તેમના ભાઈ, રાષ્ટ્રીય સભાના નેતા જોર્જ રોડ્રિગ્ઝ દ્વારા શપથ લેવડાવ્યા હતા.

એક્સ પર એક પોસ્ટમાં રમેશે કહ્યું, ''ડેલ્સી રોડ્રિગ્ઝે વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે. તેઓ ઘણીવાર ભારતની મુલાકાત લઈ ચૂક્યા છે અને નિકોલસ માદુરોની જેમ ડેલ્સી પણ સત્ય સાંઈ બાબાના અનુયાયી છે.''

''ઓગસ્ટ ૨૦૨૩માં તેઓ તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરને મળ્યા હતા - જેમના વિશે દુર્ભાગ્યે આજકાલ કંઈ સાંભળવા મળતું નથી.''

રમેશે કહ્યું કે, સૌથી પ્રખ્યાત વેનેઝુએલાના સિમોન બોલિવર હોવા જોઈએ, જેમની પ્રતિમા નવી દિલ્હીના ચાણક્યપુરીમાં એક અગ્રણી સ્થાન પર છે.

રમેશે કહ્યું કે, બોલિવરે ૧૯મી સદીના શરૂઆતના કેટલાક દાયકાઓમાં સ્પેનથી સ્વતંત્રતા યુદ્ધનું નેતૃત્વ કર્યું હતું, જેના પરિણામે દક્ષિણ અમેરિકામાં ઘણા નવા દેશોનો ઉદય થયો હતો.

## કપડાં ઉતરાવ્યા કે ઉતાર્યા? હુબલી પોલીસ અને ભાજપ સામસામે

# પોલીસે ધરપકડ દરમિયાન મારા કપડાં ઉતાર્યા: ભાજપનાં મહિલા કાર્યકરનો આરોપ

**પોલીસે** કહ્યું મહિલાએ જાતે કપડાં ઉતાર્યા અને પોલીસ જવાનોને બચકાં ભર્યા

**ભાજપે** આ ઘટનાને કોંગ્રેસ સરકારની દમનકારી રાજનીતિ ગણાવી

**કર્ણાટકના** મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આ ઘટના માટે મહિલાને જવાબદાર ઠેરવી



હુબલી (કર્ણાટક), તા. 7 (પીટીઆઈ): કર્ણાટકમાં સરકારી અધિકારીઓ પર હુમલાના કેસમાં ભાજપની એક મહિલા કાર્યકરની ધરપકડ દરમિયાન પોલીસે તેના કપડાં ઉતરાવ્યા હોવાના આક્ષેપ બાદ મોટો વિવાદ ઉભો થયો હતો.

જોકે, પોલીસે આ આરોપોને ફગાવતા જણાવ્યું હતું કે મહિલાએ પોતે જ કપડાં ઉતાર્યા હતા અને પોલીસકર્મીઓને બચકાં ભરીને ઈજા પહોંચાડી હતી.

મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આ ઘટના માટે મહિલાને જવાબદાર ઠેરવી છે, જ્યારે ભાજપે આરોપ લગાવ્યો છે કે પોલીસે તેમના પક્ષની મહિલા કાર્યકરના કપડા ઉતરાવ્યા હતા. તે મહિલા ટોપલેસ સ્થિતિમાં છે તેવો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેનાથી રાજકીય ગરમાવો વધી ગયો છે.

હુબલી-ધારવાડ પોલીસ કમિશનર એન. શશિકુમારે સ્પષ્ટતા કરી હતી કે જ્યારે મહેસૂલ અધિકારીઓ સરકારી જમીન પરથી દબાણ હટાવવા ગયા ત્યારે લોકોએ તેમના પર હુમલો કર્યો હતો. આ કેસમાં મુખ્ય આરોપી મહિલાની ધરપકડ કરવા માટે 8થી 10 મહિલા પોલીસ કર્મચારીઓની ટીમ મોકલવામાં આવી હતી. કમિશનરના જણાવ્યા અનુસાર, ધરપકડ ટાળવા માટે મહિલાએ પોલીસ વાહનમાં જ પોતાના કપડાં ઉતારી દીધા હતા અને બે સબ-ઈન્સ્પેક્ટર સહિત ચાર મહિલા પોલીસ અધિકારીઓના પેટના ભાગે બચકાં ભરીને ગંભીર ઈજા પહોંચાડી હતી. સ્થાનિક લોકોની મદદથી મહિલાને અન્ય કપડાં પહેરાવવામાં આવ્યા હતા.

બીજી તરફ, ભાજપે આ ઘટનાને કોંગ્રેસ સરકારની 'દમનકારી રાજનીતિ' ગણાવી છે. વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા આર. અશોકાએ આ ઘટનાની નિંદા કરતા કહ્યું કે કોંગ્રેસ સરકાર વિપક્ષી કાર્યકરો પર અત્યાચાર કરી રહી છે અને રાજ્યમાં અઘોષિત કટોકટી જેવી સ્થિતિ છે.

જોકે, મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કાયદો હાથમાં લેનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં મહિલા ન્યાયિક કસ્ટડીમાં છે અને આ સમગ્ર ઘટનાની ઊંડી તપાસ કરવા માટે ડેપ્યુટી પોલીસ કમિશનરને આદેશ આપવામાં આવ્યો છે.

# 'ઓપરેશન સિંદૂર'થી ફફડેલા પાકિસ્તાને અમેરિકામાં ખર્ચ્યા 45 કરોડ

**ભારત**-પાકિસ્તાન યુદ્ધને અટકાવવા, આર્થિક સહાય, સૈન્ય સહાય જેવી વિવિધ બાબતો માટે પાકિસ્તાને અમેરિકી લોબિંગ કંપનીઓની સેવા લીધી હતી

**પાકિસ્તાનના** આર્મી ચીફ અસીમ મુનીરની તાજેતરની વોશિંગ્ટન મુલાકાત પણ આ લોબિંગ ફર્મ દ્વારા જ ગોઠવવામાં આવી હતી

ભારતે વેપાર સંબંધિત ચર્ચા માટે અમેરિકી લોબિસ્ટ કંપનીને હાયર કરી હતી



### પાકિસ્તાનના લોબિંગ અભિયાનની મુખ્ય વિગતો

કુલ ખર્ચ: આશરે રૂ. 45 કરોડ રૂપિયા (5 મિલિયન ડોલર) માત્ર 2025ના ગાળામાં.
મુખ્ય ટાર્ગેટ: વ્હાઇટ હાઉસ, પેન્ટાગોન અને સ્ટેટ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીઓ.
સંપર્કની સંખ્યા: પાકિસ્તાની લોબિસ્ટોએ ઈમેલ, ફોન અને રૂબરૂ મુલાકાતો દ્વારા 60થી વધુ વખત અમેરિકન ઓફિશિયલ્સનો સંપર્ક કર્યો.
એજન્ડા: ભારત-પાક વિવાદમાં દખલગીરી, આર્થિક સહાય અને યુરોપિયન યુનિયન માર્કેટમાં પ્રવેશ.
મીડિયા કેમ્પેઈન: ન્યૂયોર્ક ટાઇમ્સ અને વોલ સ્ટ્રીટ જર્નલ જેવા અખબારોમાં પાકિસ્તાન તરફી નેરેટિવ સેટ કરવાનો પ્રયાસ.

નવી દિલ્હી, તા. 7: ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર' બાદ પાકિસ્તાન સરકારે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની છબી સુધારવા અને અમેરિકાની મદદ મેળવવા માટે ધમધમાટ શરૂ કર્યો છે. યુએસ ફોરેન એજન્ટ્સ રજીસ્ટ્રેશન એક્ટ (એફએઆરએ)ના તાજેતરના ખુલાસા મુજબ, પાકિસ્તાને ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર અને અમેરિકન સંસ્થાઓ સુધી પહોંચ મેળવવા માટે ટૂંકા ગાળામાં જ આશરે 5 મિલિયન ડોલર (45 કરોડ રૂપિયા) ખર્ચી નાખ્યા હતા.

પાકિસ્તાને અમેરિકાની ટોચની લોબિંગ ફર્મ્સ, જેવી કે સ્કિવર પેટ્ટોન બોગ્ગસ અને જેવલીન એડવાઈઝરને હાયર કરી છે. આ ફર્મ્સના સંચાલકો ડોનાલ્ડ ટ્રમ્પના જૂના સાથીદારો હોવાનું મનાય છે.

પાકિસ્તાનનો મુખ્ય હેતુ ભારત સાથેના તણાવમાં અમેરિકાને મધ્યસ્થી તરીકે લાવવાનો અને પોતાની લશ્કરી તથા આર્થિક સ્થિતિને મજબૂત કરવાનો છે. પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરની તાજેતરની વોશિંગ્ટન મુલાકાત પણ આ લોબિંગ ફર્મ દ્વારા જ ગોઠવવામાં આવી હતી.

એફએઆરએના એક અલગ ખુલાસામાં જણાવાયું છે કે ભારતે પણ અમેરિકી લોબીસ્ટને સામેલ કર્યા હતા. ભારતીય દૂતાવાસે યુએસ સરકાર સાથે વાતચીત કરવા માટે, ખાસ કરીને વેપાર સંબંધિત ચર્ચાઓ માટે એસએચડબ્લુ પાર્ટનર્સ એલએલસીની સેવાઓ લીધી હતી.

## પેજ3

# 'ધુરંધર'નો ધમાકો: 831 કરોડની કમાણી સાથે બની અત્યાર સુધીની સૌથી મોટી હિન્દી ફિલ્મ!

મુંબઈ, તા. ૭ (પીટીઆઈ) નિર્માતાઓએ બુધવારે જણાવ્યું હતું કે, ફિલ્મ-નિર્માતા આદિત્ય ધરની 'ધુરંધર' ફિલ્મ ૮૩૧ કરોડ રૂપિયાથી વધુ કમાણી સાથે અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી હિન્દી ફિલ્મ બની છે.

મંગળવારે ૩૩મા દિવસની કમાણી ૫.૭૦ કરોડ રૂપિયા રહી હતી, જેનાથી રણવીર સિંહ અભિનિત આ ફિલ્મનું ભારતનું કુલ નેટ કલેક્શન ૮૩૧.૪૦ કરોડ રૂપિયા થઈ ગયું છે, જે અત્યાર સુધીની તમામ હિન્દી રિલીઝમાં પ્રથમ સ્થાને છે.

નિર્માતાઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''ઇતિહાસ ફરીથી લખવામાં આવ્યો છે. મંગળવારના કલેક્શન સાથે 'ધુરંધર' સત્તાવાર રીતે અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી હિન્દી ફિલ્મ બની ગઈ છે, જે એક મોટી સિદ્ધિ છે, જેણે ભારતીય બોક્સ ઓફિસ સફળતાને ફરીથી વ્યાખ્યાયિત કરી છે.''

### ટોચની હિન્દી ફિલ્મો

| ફિલ્મનું નામ | કુલ કલેક્શન (નેટ - ભારત) | રેકોર્ડની સ્થિતિ |
|---|---|---|
| ધુરંધર | રૂા. 831.40 કરોડ | નવો રેકોર્ડ (પ્રથમ સ્થાન) |
| પુષ્પા 2: ધ રૂલ (હિન્દી) | -830 કરોડ | બીજું સ્થાન |
| જવાન | રૂા. 643 કરોડ | ત્રીજું સ્થાન |
| સ્ત્રી 2 | રૂા. 627 કરોડ | ચોથું સ્થાન |



આ પહેલા અલ્લુ અર્જુનની 2023ની બ્લોકબસ્ટર ફિલ્મ 'પુષ્પા 2: ધ રૂલ'ના હિન્દી વર્ઝને ટોચનું સ્થાન મેળવ્યું હતું. આ તેલુગુ ફિલ્મે હિન્દીમાં 830 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. અન્ય સૌથી વધુ કમાણી કરનારી હિન્દી ફિલ્મોમાં શાહરૂખ ખાનની 'જવાન' અને હોરર કોમેડી 'સ્ત્રી 2' છે, જેણે અનુક્રમે 643 કરોડ રૂપિયા અને 627 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

## કેટરિના કૈફ, વિકી કૌશલે પુત્રનું નામ જાહેર કર્યું



મુંબઈ, તા.7: એક્ટર્સ કેટરિના કૈફ અને વિકી કૌશલે પોતાના દીકરા 'વિહાન' કૌશલનું નામ જાહેર કર્યું છે અને તેમની પહેલી તસવીર લોકો સાથે શેર કરી છે. આ દંપતીએ એક સંયુક્ત નોંધ સાથે એક તસવીર પોસ્ટ કરી છે, જેમાં તેમના નવજાત બાળકનો નાનો હાથ તેના માતાપિતાના હાથોમાં લાગણીથી લપેટાયેલો છે.

# રિતેશ દેશમુખની ફિલ્મ 'મસ્તી 4' પર સાહિત્યચોરીનો આરોપ

મુંબઈ, તા. 7: ગયા વર્ષે રિલીઝ થયેલી રિતેશ દેશમુખ, આફતાબ શિવદાસાની અને વિવેક ઓબેરોયની કોમેડી ફિલ્મ 'મસ્તી 4' કાનૂની મુશ્કેલીમાં ફસાઈ ગઈ છે. લોકપ્રિય કન્ટેન્ટ સર્જક આશિષ શર્માએ ફિલ્મના નિર્માતાઓ પર સાહિત્યચોરીનો આરોપ લગાવતાં 6 જાન્યુઆરીએ દિલ્હી હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. અહેવાલ અનુસાર, આશિષે દાવો કર્યો છે કે, 'મસ્તી 4' માં એક કોમેડી સિક્વન્સ તેમની એ રીલ સાથે આશ્ચર્યજનક સામ્યતા



ધરાવે છે, જેનું ટાઇટલ 'શક કરને કા નતીજા' છે, જે રીલ તેમણે 31 જાન્યુઆરી, 2024ના રોજ પોસ્ટ કરી હતી. તેમની રીલને 11 મિલિયનથી વધુ વખત જોવામાં આવી છે. આશિષે પોતાની અરજીમાં આરોપ લગાવ્યો છે કે, ફિલ્મના નિર્માતાઓએ મૂળ વાર્તાની નકલ કરી છે.